ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

મંગળવાર ૨૦ ઓક્ટોબર, ૨૦૨૬

ખોરાક અને ઔષધ નિયમનની તપાસ । ચરોતરમાં પ્રજાના આરોગ્ય સાથે ચેડાં કરતા વેપારીઓ પર તંત્રની તવાઇ

ચરોતરમાં તહેવારના દિવસોમાં ફૂડ વિભાગના દરોડાં

આણંદની 18 પેઢીમાં દરોડામાં 65 કિલો અખાદ્યચીજનો નાશ કરાયો

બળેલા ખાદ્યતેલ અને અસ્વચ્છ ખોરાક સામે તંત્રની કડક કાર્યવાહી

(પ્રતિનિધિ) આણંદ તા.૧૯

આણંદના ખોરાક અને ઔષધ નિયમન તંત્રના ફૂડ વિભાગ દ્વારા સામરખા ગામના બસ સ્ટેન્ડ વિસ્તાર તથા ગ્રીડ ચોકડી આસપાસ આવેલી ખાદ્યપદાર્થોના વેચાણ સાથે સંકળાયેલી કુલ ૧૮ પેઢીઓમાં સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. આ ચેકિંગ દરમિયાન આરોગ્ય માટે હાનિકારક જણાયેલી ૬૫ કિલો ખાદ્યચીજોનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો તથા ૧૪ જેટલા ખાદ્ય નમૂનાઓ પૃથ્થકરણ અર્થે મોકલી આપવામાં આવ્યા હતા.

આ તપાસ દરમિયાન અસ્વચ્છ જણાયેલી કઢી, ચટણી, સંભારો અને જલેબી સહિતની ૬૫ કિલો તૈયાર બિનઆરોગ્યપ્રદ ખાદ્યચીજોનો પેઢી સંચાલકોની સંમતિથી સ્થળ પર જ નાશ કરાવવામાં આવ્યો હતો. ખાદ્યપદાર્થો બનાવવા માટે ઉપયોગમાં લેવાતા ખાદ્યતેલની ટીપીસી મશીન દ્વારા સ્થળ પર તપાસ કરવામાં આવી હતી. જેમાં વધુ પડતું બળેલું અને વપરાશ માટે અયોગ્ય જણાયેલું તેલ સ્થળ પર જ નાશ કરાવાયું હતું. તંત્ર દ્વારા લેવાયેલા ૧૪ ખાદ્ય નમૂનાઓને પૃથ્થકરણ અર્થે માન્ય લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે, જેનો અહેવાલ પ્રાપ્ત થયા બાદ નિયમોનુસાર આગળની કાર્યવાહી હાથ ધરાશે. ખાદ્યતેલનો અયોગ્ય રીતે ઉપયોગ ન કરવા સૂચના આપવામાં આવી છે.

આણંદમાં ફાફડા જલેબી સહિત 35 શંકાસ્પદ નમૂના લેવાયા

(પ્રતિનિધિ) આણંદ તા.૧૯

દશેરા અને નવરાત્રી પર્વ દરમિયાન નાગરિકોને શુદ્ધ અને સુરક્ષિત ખાદ્યચીજો મળી રહે તે હેતુથી આણંદ જિલ્લા ફૂડ અને ડ્રગ્સ વિભાગ દ્વારા છેલ્લા ૩ દિવસમાં ખાદ્ય એકમો પર સખત ચકાસણી હાથ ધરવામાં આવી છે.

આ તપાસ દરમિયાન ફાફડા-જલેબીના સ્ટોલ તેમજ મીઠાઈ અને ફરસાણની દુકાનો પર ખાદ્યતેલની ગુણવત્તા ચકાસવા ટીપીસી મશીન વડે સ્થળ પર જ ૪૨ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ખાદ્યતેલ, બેસન, મસાલા, ઘી તેમજ કૂકીઝ સહિતની વિવિધ ખાદ્યચીજોના કુલ ૩૫ શંકાસ્પદ નમૂનાઓ લેબોરેટરીમાં મોકલાયા છે.

આ ચકાસણીમાં ન્યૂ ભાવનગરી ફરસાણ, લક્ષ્મી ટ્રેડર્સ, રાજસ્થાન ચવાણા માર્ટ, આદર્શ ફરસાણ, રામ ફરસાણ, શ્રી અંબિકા ફરસાણ, શ્રી લક્ષ્મી નાયલોન ફાફડા, જૈન સ્વીટ માર્ટ, જોધપુર સ્વીટ માર્ટ, રુદ્ર કરિયાણા અને ગંગાપ્રસાદ મીઠાઈમાંથી સેમ્પલ લેવાયા હતા. જ્યારે સુખડીયા ગરબડદાસ બાપુજી એન્ડ સન્સ ખાતે ઘી, જલેબી અને કૂકીઝનું પેકિંગ નિયમો મુજબ ન હોવાનું સામે આવ્યું હતું.

નડિયાદમાં દશેરા પર્વે કાચા માલના ૪૨ સેમ્પલ લેવાયાં

ફૂડ સેફ્ટી વાન દ્વારા ૯૯ સ્ટોલ પર તપાસ હાથ ધરી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૯

ખેડા જિલ્લા ખોરાક અને ઔષધ નિયમન વિભાગ દ્વારા ઓક્ટોબર માસ દરમિયાન વ્યાપક તપાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ ચેકિંગ દરમિયાન બિનઆરોગ્યપ્રદ ખાદ્યસામગ્રી પકડી પાડી તાત્કાલિક ધોરણે ૬૫ કિલો અખાદ્ય જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો તથા શંકાસ્પદ ખાદ્ય પદાર્થોના નમૂનાઓ વધુ ચકાસણી માટે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે.

આ તપાસ દરમિયાન સ્થળ પરથી બિનઆરોગ્યપ્રદ પનીર, હોટડોગ, સિન્થેટિક કલરવાળી ચટણી, એક્સપાયર થઈ ગયેલા પાઉં તથા તળવા માટે વપરાતું ખરાબ તેલ મળી આવતાં ૬૫ કિલો અખાદ્ય જથ્થાનો તાત્કાલિક નાશ કરાયો હતો. આ ઉપરાંત દશેરા પર્વ નિમિત્તે ૧૫ થી ૧૯ ઓક્ટોબર દરમિયાન વિશેષ ડ્રાઈવ ચલાવીને ફાફડાના ૧૬, જલેબીના ૧૩ અને કાચા માલ (બેસન, મરી-મસાલા અને તેલ) ના ૧૩ મળી કુલ ૪૨ સેમ્પલ એકત્ર કરી રાજ્યની ફૂડ લેબોરેટરીમાં મોકલાયા છે. 'ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ' વાન મારફતે નડિયાદના ગરબા ઈવેન્ટ્સ, પીજ, પીપલગ, ડભાણ ચોકડી તેમજ કઠલાલ, કપડવંજ અને મહુધા મળી કુલ ૯૯ સ્ટોલ પર તપાસ કરાઈ હતી. જેમાં ૯૩ ખાદ્યચીજોનું સ્થળ પર ટેસ્ટિંગ કરી ૧૨,૯૭૦ની કિંમતનો અખાદ્ય માલ નષ્ટ કરાયો હતો.

કપડવંજની કેનાલમાં કિશોરે પડતું મુકતા શોધખોળ શરૂ

માતરિયા ગામના કિશોરે પગલું ભરતાં પરિવારજનોની પૂછપરછ હાથ ધરી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૯

કપડવંજ તાલુકાના ફતિયાવાદ નજીકથી પસાર થતી નર્મદા મુખ્ય કેનાલમાં ૧૭ વર્ષના કિશોરે અચાનક મોતની છલાંગ લગાવતા સમગ્ર પંથકમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે. આ ઘટનાની જાણ થતાં જ મોટી સંખ્યામાં ગ્રામજનો ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા અને સ્થાનિક પોલીસને જાણ કરી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, કપડવંજ તાલુકાના ખડોલ નજીક આવેલા માતરિયા ગામમાં રહેતો ૧૭ વર્ષીય હિતેશકુમાર ચૌહાણ નામનો કિશોર કોઈ અગમ્ય કારણોસર ફતિયાવાદ નજીક આવેલી નર્મદા મુખ્ય કેનાલ પાસે પહોંચ્યો હતો. ત્યાં તેણે અચાનક કેનાલના ઊંડા પાણીમાં ઝંપલાવી દીધું હતું. આ બનાવ અંગે આસપાસના લોકોએ બૂમાબૂમ કરતા ગ્રામજનો કેનાલના કાંઠે ભેગા થઈ ગયા હતા.

આ બનાવની જાણ થતાં જ પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. પોલીસે સ્થાનિક ગોતાખોરો અને તરવૈયાઓની મદદથી કેનાલના વહેતા અને ઊંડા પાણીમાં કિશોરની સઘન શોધખોળ હાથ ધરી છે. આ નાની ઉંમરના કિશોરે કયા કારણોસર આ જલદ પગલું ભર્યું ? તે અંગે કોઈ ચોક્કસ માહિતી સામે આવી નથી. સાચું કારણ જાણવા માટે પોલીસે યુવકના પરિવારજનો અને પરિચિતોની પૂછપરછ હાથ ધરીને વધુ તપાસ હાથ ધરી છે.

ગ્રામજનોનો વિરોધ | ત્વરિત કાર્યવાહી નહીં થાય તો ઉગ્ર આંદોલનની અપાઈ ચેતવણી

લીંબાસીમાં ખાનગી કંપનીએ ઝેરી ગેસ છોડાતા ૪૦ હજાર લોકો ત્રસ્ત

રાત્રિના કેમિકલયુક્ત વાયુ મુક્ત કરાતા ૪ ગામોના લોકોનું જીવવું હરામ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૯

ખેડા જિલ્લામાં લીંબાસી વિસ્તારમાં આવેલી કોનકોર્ડ બાયોટેક લિમિટેડ કંપની દ્વારા રાત્રિના સમયે ઝેરી ગેસ છોડવામાં આવતો હોવાના ગંભીર આક્ષેપો સાથે સ્થાનિક ગ્રામજનોએ કંપનીના મુખ્ય ગેટ બહાર એકઠા થઈ ઉગ્ર સૂત્રોચ્ચાર સાથે ભારે વિરોધ નોંધાવ્યો છે. પ્રદૂષિત હવાના કારણે લીંબાસી અને આસપાસના ચાર ગામોના આશરે ૪૦ હજાર લોકોને શ્વાસ લેવામાં પારાવાર મુશ્કેલી પડી રહી છે.

પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB)

માતરના લીંબાસી વિસ્તારમાં આવેલી દવા બનાવતી આ ફેક્ટરી દ્વારા રાત્રે ૧૨ થી સવારના ૪ વાગ્યા દરમિયાન કેમિકલયુક્ત ઝેરી વાયુ છોડવામાં આવે છે, જેનાથી સમગ્ર વિસ્તારમાં ગૂંગળામણભર્યું વાતાવરણ સર્જાય છે. આ ગંભીર સમસ્યા અંગે અગાઉ પણ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) અને જિલ્લા કલેક્ટરને અનેક લેખિત ફરિયાદો કરવા છતાં કોઈ કડક પગલાં લેવાયા નથી. પરિણામે, સ્થાનિક લોકો અને સરપંચે તંત્રને સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો કંપની સામે ત્વરિત કાર્યવાહી નહીં થાય તો રસ્તા પર ઉતરીને ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભૂતકાળમાં કંપનીના ઓડિટ રિપોર્ટ અને કેમિકલ અંગે આરટીઆઈ દ્વારા વિગતો માંગવામાં આવી હોવા છતાં તંત્ર દ્વારા કાયદાકીય માહિતી છુપાવવામાં આવી હોવાનો સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે.

આ અંગે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના ઈન્ચાર્જ રિજિયોનલ ઓફિસર એમ. યુ. પટેલ તથા રિજિયોનલ ઓફિસર માર્ગીબેન પટેલે જણાવ્યું હતું કે સ્થળ તપાસ દરમિયાન કોઈ દુર્ગંધ જોવા મળી નહોતી. જોકે, અસ્થાયી ઉકેલ તરીકે કંપનીને ફોગર સિસ્ટમ લગાવવા કહેવાયું છે અને તપાસ રિપોર્ટ ઉચ્ચ કક્ષાએ મોકલાયો છે.

નડિયાદ પાસે કેનાલના પ્રવાહમાં કાર ખાબકી

ઊંડા પાણીમાં કાર અને એનઆરઆઈ યુવકનો પત્તો મેળવવા રેસ્ક્યૂ ઓપરેશન તેજ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૯

નડિયાદ નજીકથી પસાર થતી મુખ્ય કેનાલમાં અચાનક એક કાર ધડાકાભેર ખાબકવાની ગોઝારી ઘટના સામે આવી છે. પાણીના ધસમસતા પ્રવાહમાં કાર ગરકાવ થઈ જતાં ફાયર બ્રિગેડની ટીમે યુદ્ધના ધોરણે બચાવ કામગીરી હાથ ધરી છે. કારમાં સવાર યુવાન એનઆરઆઈ પરિવારનો પુત્ર હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

નડિયાદ પાસે કેનાલમાં કાર ખાબકતાં જ આસપાસના લોકોના ટોળેટોળાં એકઠા થઈ ગયાં હતાં અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સ્થાનિક લોકોએ તાત્કાલિક તંત્રને જાણ કરતાં નડિયાદ ફાયર બ્રિગેડની ટીમ ગણતરીની મિનિટોમાં જ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર જવાનો જીવના જોખમે કેનાલના ઊંડા પાણીમાં ઉતરીને કાર અને યુવાનની શોધખોળ કરી રહ્યા છે. પોલીસની પ્રાથમિક તપાસમાં કારમાં સવાર યુવાન એનઆરઆઈ પરિવારનો હોવાની વિગત સામે આવતાં પરિવારજનોમાં ચિંતા અને શોકનું મોજું ફરી વળ્યું છે. જોકે, હજુ સુધી કેનાલમાંથી કાર કે યુવકનો કોઈ જ પત્તો લાગ્યો નથી. આ બનાવની ગંભીરતા ધ્યાને લઈ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને તપાસ શરૂ કરી હતી.

આ અકસ્માત અંગે પોલીસે સીસીટીવી કેમેરા તેમજ નજરે જોનારાઓની સઘન પૂછપરછ કરી રહી છે.

કરમસદ-આણંદ મનપા એ વેરા ન ભરાતાં વધુ ૭ મિલકત સીલ કરી

મનપા દ્વારા ૨.૭૩ લાખથી વધુનો બાકી વેરો ન ભરનારા સામે કડક કાર્યવાહી

(પ્રતિનિધિ) આણંદ તા.૧૯

કરમસદ-આણંદ મનપા દ્વારા બાકી પ્રોપર્ટી ટેક્સની રિકવરી માટે શરૂ કરાયેલી વિશેષ ઝુંબેશના સાતમા દિવસે મનપાની રિકવરી ટીમે કડક વલણ અપનાવ્યું છે. ૨.૭૩ લાખથી વધુનો બાકી વેરો ન ભરનારા મિલકતધારકો સામે કાયદેસરના પગલાં ભરી વધુ ૦૭ પ્રોપર્ટી સીલ કરી હતી.

કરમસદ-આણંદ મનપા દ્વારા છેલ્લા સાત દિવસથી સતત ચાલતી વેરા વસુલાતની કામગીરી અંતર્ગત આણંદના વિદ્યાનગર રોડ પરની ૦૨, સો ફૂટ રોડ પરની ૦૩ અને જૂના રસ્તા વિસ્તારની ૦૨ પ્રોપર્ટી સીલ કરી છે. આ અંગે મનપાના રિકવરી વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે, શહેરના વિકાસ અને નાગરિક સુવિધાઓ માટે સમયસર કરવેરો ચૂકવવો એ દરેક મિલકતધારકની પ્રાથમિક અને કાયદાકીય ફરજ છે. બાકી વેરા અંગે વારંવાર સૂચનાઓ અને નોટિસો આપવા છતાં વેરો ભરપાઈ ન કરનારા સામે હવે સીધા સીલિંગના પગલાં લેવામાં આવી રહ્યા છે. મનપા તંત્ર દ્વારા તમામ બાકીદારોને કાર્યવાહી કે સીલિંગની મુશ્કેલીથી બચવા માટે તાત્કાલિક અને કોઈપણ વિલંબ વગર બાકી રકમ જમા કરાવી દેવા સ્પષ્ટ અપીલ કરવામાં આવી છે.

વિદ્યાનગરમાં વિદ્યાર્થીનો ગળે ફાંસો ખાઈ આપઘાત

શરણમ એપાર્ટમેન્ટમાં રહેતા પંચમહાલના યુવકે અગમ્ય કારણોસર પગલું ભર્યું

(પ્રતિનિધિ) આણંદ તા.૧૯

આણંદ શહેર નજીક સાક્ષર નગરી વિદ્યાનગરના નાના બજારમાં આવેલ શરણમ એપાર્ટમેન્ટના એક ફ્લેટમાં પંચમહાલના યુવકે ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લેતા ભારે ચકચાર મચી જવા પામી છે.

પોલીસ મથકેથી મળતી વિગતો મુજબ, મૂળ પંચમહાલનો વતની ૨૦ વર્ષીય યુવક રામતીર્થ જેઠાભાઈ ઉર્ફે જયેશભાઈ પરમાર વિદ્યાનગરમાં કોલેજમાં બાયોમેડિકલનો અભ્યાસ કરતો હતો. તે વિદ્યાનગરના નાના બજાર સ્થિત શરણમ એપાર્ટમેન્ટના ફ્લેટ નંબર ૩૦૨માં રહેતો હતો. ગત રાત્રિના આશરે ૧૨:૦૦ વાગ્યાના સુમારે તેણે પોતાના ફ્લેટમાં કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ લીધો હતો.

આ બનાવની જાણ અન્ય વિદ્યાર્થીઓને થતાં તેઓએ બૂમાબૂમ કરી મૂકી હતી, જેના લીધે આસપાસના લોકો દોડી આવ્યા હતા અને વિદ્યાનગર પોલીસ મથકે જાણ કરવામાં આવી હતી. આ ઘટનાની માહિતી મળતાં જ પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી. પોલીસે યુવકના મૃતદેહને નીચે ઉતારી જરૂરી પ્રાથમિક કાર્યવાહી પૂરી કર્યા બાદ પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. વિદ્યાનગર પોલીસે આ મામલે હાલ અપમૃત્યુનો ગુનો દાખલ કરી આગળની કાનૂની તપાસ હાથ ધરી છે.

સામરખાની નહેરમાંથી યુવકનો મૃતદેહ મળ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૯

આણંદ તાલુકાના સામરખા ગામ પાસેથી પસાર થતી મુખ્ય નહેરમાંથી એક અજાણ્યા યુવકની લાશ મળી આવતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

સામરખા ગામ નજીકની મોટી નહેરમાં પાણીના પ્રવાહ સાથે લગભગ ૨૦ થી ૨૫ વર્ષની વયના યુવકનો મૃતદેહ તણાઈ આવ્યો હતો. નહેરમાં લાશ તરતી હોવાની જાણ થતાં જ આજુબાજુના ગ્રામજનો અને રાહદારીઓ મોટી સંખ્યામાં ઘટનાસ્થળે એકઠાં થઈ ગયાં હતાં. આ ઘટના અંગેની જાણ આણંદ રૂરલ પોલીસ મથકે કરવામાં આવતાં પોલીસ ઈન્સપેક્ટર અને તેમની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી. પોલીસે સ્થાનિક તરવૈયાઓની સક્રિય મદદથી ભારે જહેમત બાદ યુવકના મૃતદેહને પાણીમાંથી બહાર કઢાવ્યો હતો. હાલ આ મામલે અપમૃત્યુનો ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી છે.

પિસ્કાટવેના મેયરે ઓક્ટોબરને 'હિન્દુ હેરિટેજ મંથ' જાહેર કર્યો

અમેરિકાના ન્યૂ જર્સી રાજ્યના પિસ્કાટવે ખાતે નવરાત્રિ મહોત્સવ ઉજવાયો

(પ્રતિનિધિ) આણંદ તા.૧૯

અમેરિકાના ન્યૂ જર્સી રાજ્યના પિસ્કાટવે સ્થિત ગાયત્રી મંદિરમાં નવ દિવસીય નવરાત્રિ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી, જેમાં બાળકોથી લઈને વડીલો સુધીના તમામ લોકોએ પરંપરાગત ગરબાની રમઝટ બોલાવી હતી. આ ઉત્સવ દરમિયાન પિસ્કાટવે ટાઉનશિપના મેયર બ્રાયન સી. વાહલરે ખાસ હાજરી આપીને ઓક્ટોબર મહિનાને સત્તાવાર રીતે 'હિન્દુ હેરિટેજ મંથ' જાહેર કર્યો હતો, જે અમેરિકામાં વસતા ભારતીય સમુદાય માટે એક વિશેષ ગૌરવપૂર્ણ ક્ષણ બની રહી હતી.

આ પ્રસંગે મેયરે 8મી ઓક્ટોબર, 2026ના રોજ સત્તાવાર ઘોષણાપત્ર પર સહી કરીને ગાયત્રી મંદિર ખાતે તેને સુપ્રત કર્યું હતું. આ ઘોષણાપત્રમાં પિસ્કાટવેના સામાજિક, શૈક્ષણિક, આર્થિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે હિન્દુ અમેરિકન સમુદાયના મહત્ત્વપૂર્ણ યોગદાનને બિરદાવવામાં આવ્યું છે. વિવિધ સંસ્કૃતિઓ વચ્ચે પરસ્પર સન્માન વધારવા સાથે દિવાળી જેવા પર્વો દ્વારા પ્રકાશ અને જ્ઞાનનો સંદેશ પ્રસરાવવાની બાબતને પણ વણી લેવામાં આવી હતી.

અમેરિકાની ધરતી પર ભારતીય સંસ્કૃતિનું જતન કરવા અને નવી પેઢીને પોતાના મૂલ્યો સાથે જોડવાનો આ સફળ પ્રયાસ રહ્યો હતો. આ સમગ્ર

મહોત્સવને સફળ બનાવવા મંદિરના ટ્રસ્ટીઓ અને 30થી વધુ સમર્પિત પરિવારોએ વિશેષ સેવા આપી હતી.